હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ સારૂ કર્યું...

વહેલા મોડા પણ... પુનમ ભરવા ચંદ્ર પર જવાની સગવડ તો થવાની જ....

શહેરમાં ટ્રાફિક સમસ્યાના હલ માટે જિલ્લા પોલીસ વડાનો એકશન પ્લાન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાઈજીપુરા ચાર રસ્તા પાસે ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે. વાહનચાલકોને કુડાસણ થી રાંદેસણ કે રાયસણ જવુ હોય તો રક્ષાશકિત સર્કલ કે ભાઈજીપુરા સુધી જવુ પડે છે. જેથી ભાઈજીપુરા પાસે ટ્રાફિક સમસ્યાની સાથે નાના મોટા અકસ્માતની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. ત્યારે ટ્રાફિકની સમસ્યામાં હલ થાય તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ ચ-૦ સર્કલની મુલાકાત લીધી હતી.ત્યારબાદ આજે ભાઈજીપુરા ચાર રસ્તા પાસે બે કલાક ઉભા રહીને ટ્રાફિક સમસ્યાનું નિરીક્ષણ કર્યું હતું. જયારે ચાર રસ્તાની બંને સાઈડ બેરીકેટસ મુકી ટ્રાફિકનો તાગ મેળવ્યો હતો. ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થઈ રહ્યો છે. ગાંધીનગર-અમદાવાદ ટવીનસીટી બનવા જઈ રહ્યું છે. રાજયના કેટલાક શહેરના નાગરીકો પણ પ્રદુષણ અને ઘોંઘાટથી બચવા માટે મોટાભાગે પાટનગર ગાંધીનગરમાં રહેવાનું પસંદ કરે છે. ત્યારે નાગરીકોની સાથે વાહનોની સંખ્યામાં પણ વધી ગઈ છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા યોજાયેલા લોકદરબારમાં પણ ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન ગુંજ્યો હતો. ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે જિલ્લા પોલીસવડાએ ખુદ મોરચો સંભાળ્યો છે. શહેરના મહત્વના સર્કલો પર ટ્રાફિકજામની સ્થિત જોઈ જિલ્લા પોલીસવડાએ નાગરીકોને આગામી ત્રણ મહિનામાં ટ્રાફિકની સમસ્યાથી રાહત અપાવવા માટે ખાસ પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. તાજેતરમાં ચ-૦ સર્કલ પાસે ઉભા રહી વાહનચાલકોની ગતિવિધી ટ્રાફિક નિયમનનું નિરીક્ષણ કરાયું હતું. ત્યારે આજે પણ એસપી ભાઈજીપુરા પહોંચી ગયા હતા.ત્યારે ટ્રાફિક પીઆઈ જી.કે.ભરવાડ પણ ટીમ સાથે આવી પહોંચ્યા હતા. ભાઈજીપુરા ઉભા રહી થોડીવારમાં પ્લાન તૈયાર કરી દીધો હતો. કુડાસણ અને ભાઈજીપુરા પાસે બેરીકેટસ ગોઠવી દેતા વાહન ચાલકો સરળતાથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટ્રાફિક હળવો થતા વેપારીઓમાં પણ આનંદની લાગણી છવાઈ હતી. ત્યારે શહેરના વાણીજય કોમ્પ્લેક્ષમાં ભોંયરામાં જ વાહનો પાર્ક થાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડશે.

સેકટર-૨૭ શોંપીગ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

નાના શોંપીગ નજીક એકટીવા અને ઝાડીમાંથી દારૂ મળ્યો

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૨૭ નાના શોંપીગની બાજુમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા એકટીવા અને ઝાડી વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને એકટીવા મળી કુલ રૂ.૧૫,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે એક યુવક સેકટર-૨૭ નાના શોંપીગ પાસે લાલ કલરના એકટીવામાં વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા એકટીવા નં. જી.જે.-૦૧.એ.એમ.-૭૧૧૮ સાથે યુવક લાલસિંહ દિપસિંહ ડાભી (રહે બોરીયા તળાવ પાસે સમર્પણ કોલેજ પાસે ખેતરમાં પેથાપુર) મળી આવ્યો હતો. પોલીસે એકટીવાની ડેકી ચેક કરતા તેમાંથી બે બોટલ દારૂની મળી આવી હતી. જયારે વિદેશી દારૂ કયાં સંતાડ્યો છે તેમ પુછતા નજીકમાં ઝાડીમાં સંતાડ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ ઝાડીમાં તપાસ કરતા બે પુંઠાના બોક્ષ મળી આવ્યા હતા. જેમાં રૂ.૩,૫૬૦ ની ૮ બોટલ વિદેશી દારૂ તેમજ ૧૮ નંગ કવાર્ટર રૂ.૪૧૪૦ ના મળી આવ્યા હતા. પોલીસે દારૂ અને એકટીવા કબ્જે કરી કુલ રૂ.૧૫,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલ ખાતે મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચિલઝડપ કરનાર શખ્સ ઝડપાયો

એસઓજી પોલીસે ચાર ગુનાનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં રાહદારી મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ કરનાર રીઢા ચેઈન સ્નેચરને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે પકડી પાડી ચાર જેટલા ગુનાનો ભેદ ઉકેલી નાંખી વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ એસઓજી પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક શખ્સ નંબર વિનાની બાઈક લઈ પ્રેસ સર્કલ થી આદીવાડા જતા માર્ગ ઉપર ઉભો છે. જેનો ચહેરો કલોલ ટાવર ચોકથી બસ સ્ટેન્ડ તરફના માર્ગ પર તા. ૧૫ મી ઓગસ્ટના રોજ થયેલ ચીલઝડપના ગુનેગાર સાથે મળતો આવે છે. જેથી પોલીસે આસપાસના વિસ્તારમાં નાકાબંધી ગોઠવી શકમંદને ઉઠાવી લીધો હતો. ત્યારબાદ તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેને પોતાનુ નામ સુરેશ પુણાભાઈ મારવાડી (સલાટ) જણાવ્યું હતું અને કબુલાત કરી હતી કે ગત તા.૧૫ ઓગસ્ટના રોજ કલોલ ખાતે મિત્ર શૈલેષ વાંજા સાથે મળી બાઈક લઈને કલોલ ટાવર ચોક ખાતે ગયા હતા. જયાં રાહદારી મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડી નાસી ગયા હતા. જયારે ખુની બંગલા પાસે બાઈક સ્લીપ ખાઈ જતા પડી ગયા હતા.તેમ છતા બાઈક લઈ ઉભા થઈ ફરાર થઈ ગયા હતા. સોનાના દોરાના બે ટુકડા કરી સરખો ભાગ પાડ્યો હતો. જયારે બાઈક દશ દિવસ અગાઉ તેના મિત્ર શૈલેષ જગમાલભાઈ વાંજા (રહે કડી)સાથે મળી અમદાવાદ કુબેરનગરથી ચોરીને ચાંદખેડા ગામ જવાના રોડ ઉપર રાહદારી મહિલાના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી લીધો હતો. ઉપરાંત વિરમગામ રેલ્વે પોલીસ મથકમાં પ્રોહીના ગુનામાં નાસતો ફરતો હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે ગાંધીનગર એસઓજી પોલીસે ચેઈન સ્નેચીંગ, મોબાઈલ ચોરી, અને બાઈક ચોરીનો ભેદ ઉકેલી નાંખી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

જેમ જેમ રક્ષાબંધન ઢુકડી આવી રહી છે તેમ તેમ બજારમાં અવનવી રાખડીઓ ઠલવાઈ રહી છે. જો કે રક્ષાબંધનને આડે હવે ગણતરીના દિવસો બાકી હોવા છતાં હજુ પણ રાખડી બજારમાં ઘરાકી ખુલવા પામી નથી જેના કારણે મંદીનું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે.

મોટી આદરજ ગામેથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના મોટી આદરજ ગામે કૈલાસધામ આશ્રમની સામે બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા ૪ જુગારીઓને રૂ.૧૦,૫૨૦ ની મત્તા સાથે પેથાપુર પોલી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન આદરજ મોટી ગામે કૈલાસધામ આશ્રમ પાસે કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈને દરોડો પાડતા જુગાર રમી રહેલા જુગારી પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસને દાવ પરથી રોકડ રૂ.૨૭૫૦ મળી આવ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા તેઓએ પ્રવિણ જી ફુલાજી ઠાકોર(આદરજ મોટી ગામ ગરબાવાળા પરામાં), ઠાકોરભાઈ ઉર્ફે માંગીલાલ બાબુભાઈ વણઝારા(રહે,ત્રિકમનગર ગામડી ગામ તા.આણંદ, હાલ રહે અડાલજ બાલાપીર ચોકડી નજીક છાપરામાં), રવાજી ઉર્ફે રઈજીજી ગફુલજી ઠાકોર (રહે. મોટીઆદરજ ગામ ગોરધનજીનો વાસ), ભરત નારણ ઠાકોર (આદરજ ગામ જેઠાખાંટનો વાસ), હોવાનું જણાવ્યું હતું. પોલીસને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૭૭૭૦ તેમજ દાવ પરથી રૂ.૨૭૫૦ મળી કુલ રૂ.૧૦, ૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા ભારત ગાઈડ સંઘ દ્વારા આયોજિત બેઝિક અને એડવાન્સ કેમ્પમાં ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે પી.સી. વાલેરા (લાયઝનિંગ ઓફિસર સુરક્ષા સેતુ સોસાયટી ગાંધીનગર), અમીબેન શાહ (ચેરમેન વુમન એમ્પાવરમેન્ટ રોટરી ડિસ્ટ્રિક્ટ), અતિથિ વિશેષ તરીકે ચેતનભાઈ પટેલ, શ્રેયાન અધિક્ષક ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રીની કચેરી ગાંધીનગર, રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ રાજીવ ભંડારી અને મંત્રી અશ્વિનભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદનના કાર્યક્રમનું સમગ્ર સંચાલન જિલ્લાના સ્ટાફ કમિશનર યુવરાજસિંહ વાઘેલાએ કર્યુ હતુ. આ પ્રસંગે માનસીભાઈ ચૌધરી ચીફ ટ્રેનર ગુજરાત ભારત કાઉન્ટ એન્ડ ગાઈડ, સંઘ રતિલાલ જોશી ચીફ કમિશનર ગાંધીનગર જિલ્લો, અંજનાબેન ચૌધરી જિલ્લા મહામંત્રી તેમજ અન્ય ટ્રેનર્સ ઉપસ્થિત રહ્યા હતા.

પોરા મળી આવતા રાયસણ, વાવોલ, સરગાસણની બાંધકામ સાઈટોને દંડ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગની દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વાહક જન્ય રોગોના અટકાયત માટે સમગ્ર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની બાંધકામ સાઈટનો નો વાહકજન્ય રોગો માટે સર્વે કરવામાં આવ્યો હતો. મચ્છરોના પોરા મળી આવતા રાયસણ ખાતે આવેલ સિલિકોન નેસ્ટ બાંધકામ સાઈટ, વાવોલની સહજાનંદ સ્કાય લાઈન બાંધકામ સાઈટ તેમજ સરગાસણ ખાતે આવેલ સ્વાગત એફોર્ડ રેસીડેન્સીને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો હતી. ઉપરાંત રાયસણ વિસ્તારમાં આવેલ બાંધકામ સાઈટ સાગર સ્કાય લાઈન, સાગર ડાયનામિક, અતુલ્યમ સાઈટ, સમર્થ લાવિશવેલા, વિનાયક રિવર સાઈડ, ટેક્સાસ ૨, સિલિકોન નેસ્ટ, GUDA હોલ રાયસન, જેએમડી હોસ્ટેલ, સિદ્ધિવિનાયક ફ્લેટ,તેમજ સાલવીક શુકન વાવોલને પણ નોટિસ ફટકારવામાં આવી આપવામાં આવી હતી તથા ભવિષ્યમાં દંડ કરવાની ચેતવણી આપવામાં આવેલ. ભવિષ્યમા સંક્રમણ ન ફેલાય તે માટે આવશ્યક સુચનો આપ્યા હૃતા. આ ઉપરાંત જરૂરી જગ્યાઓ એ પોરાનાશક કામગીરિ પણ કરવામા આવી હતી..

આર.જી. કન્યા શાળામાં રક્ષાબંધન નિમિત્તે સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સેક્ટર-૨૩ ખાતેની શ્રીમતી આર.જી. પટેલ અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા શાળામાં વિદ્યાર્થીનીઓમાં રહેલી કલા નિખારવાના હેતુથી અને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુનું નિર્માણ કરી શકે તે માટે રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખીને સ્વ-રચિત રાખડી સ્પર્ધાનું આયોજન તા. ૨૨-૯-૨૩ને મંગળવારે કરવામાં આવ્યુ તેમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગની કુલ ૨૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર લાવનાર વિદ્યાર્થીનીઓને ભૂતપૂર્વ શિક્ષક રમેશભાઈ માલવિયાના હસ્તે ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સરકારી વિનયન કોલેજ ખાતે સપ્તધારાની સર્જનાત્મક ધારા હેઠળ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

સરકારી વિનયન કોલેજ ખાતે સપ્તધારાની સર્જનાત્મક ધારા હેઠળ અનુક્રમે કાવ્ય પાદપૂર્તિ, વાર્તાલેખન અને કાવ્યપઠન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ ઈને પોતાની કલ્પનાશક્તિ અને રચનાશક્તિને વિકસાવી હતી. સ્પર્ધાનું આયોજન સર્જનાત્મક ધારા કો ઓર્ડિનેટર ડૉ. ભૂમિબેન ગુર્જર સપ્તધારાના કો. ઓર્ડિનેટર ડૉ. પૂર્વીબેન ઓઝા અને કો. કન્વીનર ડૉ. કલ્પાબા રાણાના સહકારથી કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. અનુપા ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે ગુજરાત આર્ટસ અને સાયન્સ કોલેજ અમદાવાદના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડૉ. નિસર્ગ આહિરને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયકે સ્પર્ધાના નિયમોને ધ્યાનમાં રાખતા પ્રથમ ત્રણ ક્રમે આવનારને વિજેતા જાહેર કર્યા હતા. જેમાં કાવ્ય પાદપૂર્તિ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાજપાલ નયનસિંહ, દ્વિતીય ક્રમે લિંબાચિયા ભાગ્યશ્રી, તૃતીય ક્રમે પટેલ શનિ એ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. વાર્તાલેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ શનિ, દ્વિતીય ક્રમે સંધી માહરુકા, તૃતીય ક્રમે ચૌધરી ઉત્સવે સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. જયારે કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓના નામ અનુક્રમે લિંબાચિયા ભાગ્યશ્રી, પટેલ શનિ અને ગઢવી રાઘવ છે. વિજેતા વિદ્યાર્થીઓને કોલેજ તરફથી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ
CIN : L67120GJ1994PLC115132
રજી. ઓફીસ : ૧૭૦૧-૧૭૦૩, ૧૭મો માળ, દલાલ સ્ટ્રીટ, કોમર્શિયલ કો-ઓપરેટીવ સોસાયટી લિમીટેડ, રોડ પઈ, બ્લોક ૫૩, ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૨૦-૪૧૧૦૦૦; વેબસાઇટ: www.shareindia.com; ઇમેઇલ: vikas_cs@shareindia.com

સભ્યોને ૨૯મી વાર્ષિક સામાન્ય સભા અંગેની માહિતીની જાહેર નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ** (ધી કંપની) ના સભ્યોની **૨૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)** કંપની કાયદા, ૨૦૧૩ અને તે હેઠળ બનાવેલ નિયમોની લાગુ જોગવાઇઓ, સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અને અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦ ની તારીખના સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં.૧૭/૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં.૨૦/૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં.૦૨/૨૦૨૧, ૮ ડિસેમ્બર, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં.૧૯/૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ ની તારીખના પરિપત્ર નં. ૨૧/૨૦૨૧, ૫ મે, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. ૨/૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ (એમસીએ પરિપત્રો) અને સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા અપાયેલા ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩ તારીખના પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/પીઓડી-૨/પી/સીઆઇઆર/૨૦૨૩/૪ (સેબી પરિપત્ર) ના અનુપાલનમાં કથિત એજીએમ બોલાવતી નોટીસમાં નિર્ધારીત મુજબના વ્યવસાયના વ્યવહારો કરવા માટે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ** (ધી કંપની) ના સભ્યોની **૨૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)** વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા **બુધવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે** (ભારતીય સમય) યોજવાનું નિર્ધારીત છે.

સદરહુ એમસીએ અને સેબી પરિપત્રોને અનુરૂપ, જે સભ્યોના ઇમેઇલ આઇડી કંપની/ડીપોઝીટરીઝ પાસે ઉપલબ્ધ છે અને જેઓ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ મુજબ કંપનીના ઈક્વિટી શેરો ધરાવે છે તેમને નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ ના વાર્ષિક અહેવાલ સહિતની ૨૯મી એજીએમની નોટીસ ઇલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવી છે.

૨૯મી એજીએમની નોટીસ અને કંપનીનો નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.shareindia.com ઉપર અને www.bseindia.com ખાતે બીએસઇ લિમિટેડ અને www.nseindia.com ખાતે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા જેવા સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ અને www.cdslindia.com ખાતે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ રહેશે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે ૧૯મી મે, ૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ તેમની મીટીંગમાં પ્રતિ શેર રૂ. ૪.૫૦/- ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. એકવાર એજીએમમાં સભ્યો દ્વારા તેને મંજૂર કરવામાં આવતાં, અંતિમ ડિવિડન્ડ, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ અથવા તે પહેલાં તે સભ્યોને જેમણે તેમના બેંક એકાઉન્ટની વિગતો અપડેટ કરી છે તેમને ઇલેક્ટ્રોનિક રીતે વિવિધ ઓનલાઇન ટ્રાન્સફર મોડ દ્વારા ચૂકવવામાં આવશે.

સભ્યો જેમણે તેમના બેંક એકાઉન્ટની વિગતો અપડેટ કરાવી નથી, તેમને ડિવિડન્ડ વોરન્ટ્સ/ડિવિડન્ડ ડ્રાફ્ટ્સ/ચેક્સ તેમના રજીસ્ટર્ડ સરનામે મોકલવામાં આવશે. ડિવિડન્ડ મેળવવામાં થતાં વિલંબને ટાળવા, ચૂકવણીની તારીખે સીધા તેમના બેંક ખાતામાં ડિવિડન્ડ મેળવવા માટે સભ્યોને તેમની ડિપોઝિટરીઝ સાથે તેમના કેવાયસી અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે.

સભ્યો જેઓ તેમના ઇમેઇલ એડ્રેસીઝ નોંધાવવા ઈચ્છે છે તેમને તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી) દ્વારા સૂચવવામાં આવેલી પ્રક્રિયા અનુસાર તેમના ડીમેટ એકાઉન્ટમાં વિગતોની નોંધણી/અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે.

કંપની તેના સભ્યોને એજીએમ પહેલાં અને દરમિયાન તેમના મતો આપવા માટે સીડીએસએલ મારફતે રિમોટ ઇ-વોટીંગ સુવિધા ઉપલબ્ધ કરાવી રહી છે. ઇ-વોટીંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. સભ્યો જેમના ઇ-મેઇલ આઇડીઝ કંપની/ડિપોઝીટરીઝ પાસે નોંધાવેલા નથી તેઓ અનુક્રમે vikas_cs@shareindia.com અથવા bssdelhi@bigshareonline.com જેવા કંપની અથવા આરટીએના ઇમેઇલ આઇડીને ડિમેટ એકાઉન્ટની વિગતો (સીડીએસએલ-૧૬ આંકડાની લાભાર્થી આઇડી અથવા એનએસડીએલ-૧૬ આંકડાની ડીપીઆઇડી + સીએલઆઇડી), નામ, ક્લાયન્ટ માસ્ટર અથવા એકિક્યૂત એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાન કાર્ડની સ્વંય પ્રમાણિત સ્કેન્ડ કોપી), આધાર (આધાર કાર્ડની સ્વંય પ્રમાણિત સ્કેન્ડ કોપી) ઉપલબ્ધ કરાવીને ઇ-વોટીંગ માટેના લોગીન ક્રેડેન્શીયલ્સ મેળવી શકે છે. કંપની/આરટીએ સીડીએસએલ સાથે સંકલન કરીને ઉપરોક્ત-વર્ણવેલા શેરહોલ્ડર્સને લોગીન ક્રેડેન્શીયલ્સ ઉપલબ્ધ કરાવશે.

ઉપરોક્ત માહિતી કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી રહી છે.

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
સહી/-
વિકાસ અગ્રવાલ
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી

સ્થળ : નોઈડા
તારીખ : ઓગસ્ટ ૨૪, ૨૦૨૩

વાહનચાલકો હેરાન પરેશાન

લવારપુર પાસે આવેલા સમાંતર સર્વિસ રોડની બિસ્માર હાલત

ગાંધીનગર,તા.૨૪

ચિલોડા થી હિંમતનગર હાઈવે તરફ જતા લવાર પુર પાસે આવેલા બ્રિજ ના છેડાને સમાંતર પસાર થતા સર્વિસ ઉપર ખાડા જોવા મળી રહ્યા છે નજીકથી પસાર થતાં આ સર્વિસ રોડ ઉપરથી સેકન્ડો વાહનો રોજબરોજ પસાર થતા હોવાથી અકસ્માતો ની ભ્રીતી વર્તાઈ રહી છે સર્વિસ રોડ ઉપર મસ મોટા ખાડા અને રોડ ઉખાડવાના કારણે વાહનોમાંથી પસાર થવું ભારે મુશ્કેલી વધી ગઈ છે વાહનોને અકસ્માત થવાની શકયતાઓ વધી રહી છે આ બિસ્માર હાલતમાં સર્વિસ રોડ ઉપર નાનામોટા અસંખ્ય વાહન ચાલકોપસાર થઈ રહ્યા છે જેનું સમારકામ કરવાની તીવ્ર માંગ ઉઠી છે ઘણા વાહનચાલકો વાહનોને કંઈક ભારે નુકશાન ન થાય તથા અકસ્માત ના ભોગ ના બનાય તે માટે જાણકાર કે જાગૃત નાગરિકો બારોબાર બ્રિજ પરથી પસાર થઈ એકાદ કિલોમીટર દૂર જઈ પાછા ફરી લવાર પુર અવરજવર માટે મજબૂર થવું પડે છે

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સે. ૭માં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એન.એન.એસ. યુનિટ દ્વારા તા. ૨૪-૮-૨૩ ના રોજ કેમ્પસ સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ સ્વચ્છતા અંગે માહિતી પૂરી પાડી હતી.

એન.એન.એસ. યુનિટની ૫૦ જેટલી સ્વયંમ સેવિકાઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હોમ સાયન્સ વિભાગના મનિષાબેન ચૌધરી હાજર રહ્યા હતા.